ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૧૦.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૪ ટકા ● સાંજે ૩૯ ટકા

**આજે પ્રેમનો દિવસ**

# પ્રેમ, એક દિવસની ઉજવણી નહી પરંતુ આખી જિંદગીનો સાથ

## શહેરમાં વેલેન્ટાઈન વીકની ઉત્સાહ પૂર્વક ઉજવણીઃ ગીફ્ટ બજારો અને ખાણી પીણી બજારોમાં ધમધમાટ






ગાંધીનગર.તા.૧૩

શહેરના રેસ્ટોરંટ અને વિવિધ સ્થળોએ હાથમાં ફૂલ અને ગિફ્ટ લઈને નીકળતા યુવાનોની ભીડ. દરેક ગલીના નાકે આતુરતાપૂર્વક કોઈની રાહ જોતા છોકરા-છોકરીઓ. આ દ્રશ્ય હોય છે વેલેંટાઈનના દિવસે એટલે કે પ્રેમનો એકરાર કરવાના દિવસે જેને વેલેન્ટાઈન ડે તરીકે ઓળખવામાં આવે છે.

પ્રેમનો દિવસ !!આનો કોઈ દિવસ હોય ?પ્રેમ કોઈ દિવસ માં સીમિત છે ?અરે એ તો બ્રહ્માંડ ના કણે કણ માં છે,

શરીરના દરેક રુવાડામાં છે,દિવસની દરેક સેકંડોમાં છે,

પ્રેમ તો જ્યારે અંતરથી ઈચ્છા થાય ત્યારે જ કરાય. એના માટે કોઈ દિવસ ની રાહ જોવાય ?આજે આ દિવસ છે, એનો ઉપયોગ તો કરી જ લેવો, અને એવું પણ નક્કી કરી લેવું, કે આપણે પ્રેમ કરવા આવા કોઈ દિવસ ની રાહ જોવાની જરૂર નથી.

પ્રેમનાં ઘણા સ્વરૂપો છે અને આ સ્વરૂપોથી જ તે વિવિધ સંબંધોમાં પરિવર્તિત થતો હોય છે; જેમ કે મા-દીકરો, પિતા અને દીકરીનો સંબંધ, પતિ-પત્ની, ભાઈ-બહેન, દોસ્તી વગેરે.

વેલેન્ટાઈન વીકને સમગ્ર વિશ્વમાં ઉત્સાહભેર ઉજવવામાં આવી રહ્યો છે. દરેક પ્રેમી યુગલ અને કોઈને એકતરફી પ્રેમ કરનારો દરેક વ્યક્તિ ફેબ્રુઆરી મહિનામાં વેલેન્ટાઈન વીકની રાહ જુએ છે. જે લોકો સિંગલ છે તેઓ પોતાની ભાવનાઓને તે વ્યક્તિની સામે વ્યક્ત કરે છે જેને તે પ્રેમ કરે છે. એવું ભાગ્યે જ થાય છે કે આ દરમિયાન પ્રેમ પ્રસ્તાવને કોઈ દ્વારા ઠુકરાવી દેવામાં આવે. જે લોકો પહેલાથી જ પ્રેમમાં છે તેઓ પોતાના લવમેટને આકર્ષિત કરવા માટે આ સમયે અનેક પ્રકારની ગિફ્ટ અને સરપ્રાઈઝ આપે છે.

યુવાનો માને છે કે આ દિવસે તમે તમારા પ્રેમી કે પ્રેમિકાને તમારા દિલની વાત કહી શકો છો. તો આવો આ વેલેંટાઈન દિવસનો થોડોક ઈતિહાસ પણ તમને જણાવી દઈએ. આ દિવસની શરૂઆત થઈ પ્રેમને ખાતર પોતાની બલિ ચઢાવનારા એક પાદરી સેંટ વેલેંટાઈનથી.

ઈ.સ. ૨૬૯ રોમમાં રાજ કલોડીસનું શાસન ચાલતું હતું. તેને નવા નવા પ્રદેશો જીતવાની ખુબ જ આકાંક્ષા હતી કે તેથી તેણે દરેક યુવાનને લશ્કરમાં જોડાવવાની હાકલ કરી. પરંતુ પ્રેમી અને લગ્ન કરેલા યુવકો લશ્કરમાં જોડાતા નહોતા. તેથી તેણે લગ્નપ્રથા પર રોક લગાવી દિધી. રાજાના આ નિર્ણયથી રોમવાસીઓ પર તો જાણે આભ તુટી પડ્યું. રાજાના આ અત્યાચાર અને સમાજ વિરોધી કાયદાઓને જોઈને વેલેન્ટાઈન નામના પાદરીનું હૃદય દ્રવી ઉઠ્યું. તેણે રાજાના આ કાયદાની અવગણના કરીને બે દીલને એક કરવાનું કાર્ય ચાલુ રાખ્યું. ધીમે ધીમે વેલેન્ટાઈન પાસે લગ્નગ્રંથીથી જોડાવા માટે હજારો યુગલોની સંખ્યા આવવા માંડી અને લોકો તેમને પ્રેમીઓના દેવદુત સમજવા લાગ્યા. પરંતુ આ વાતની જાણ રાજાને થઈ ગઈ અને તેણે પાદરી જેલમાં ધકેલી દીધો. એવું કહેવાય છે કે ૧૪મી ફેબ્રુઆરી ૨૭૦ના રોજ તેમનો શિરચ્છેદ કરવામાં આવ્યો હતો અને તેમને સેન્ટ પ્રેકસંડીસ ચર્ચના કબ્રસ્તાનમાં દફનાવી દેવાયા. ત્યારથી પ્રેમીઓ આ પ્રેમના ફરીશ્તા વેલેન્ટાઈનના બલીદાનના માનમાં વેલેન્ટાઈન ડેની ઉજાવણી કરે છે. પરંતુ આ પ્રેમના દિવસને આજના યુવાનોએ ફક્ત પ્રેમનો એકરાર કરવાનો દિવસ સુધી સીમિત કરી દીધો છે. આજના યુવાનોને માટે વેલેંટાઈન દિવસ એટલે કે માત્ર એવો દિવસ કે તેઓ ગિફ્ટ આપી શકે, અને લઈ શકે, અને અહીં-તહીં ફરી શકે.

એક બીજાને ભેટ આપીને યુવાનોની આ મિત્રતા કદાચ જ તેમના બીજા વેલેંટાઈન દિવસ સુધી ટકી શકતી હોય છે. તેમને કોઈ એકબીજા સાથે સાચો પ્રેમ નથી હોતો. બસ આજકાલ સ્ટેટસ ખાતર લોકો પાસે ગર્લફ્રેંડ કે બોયફ્રેંડ હોવા જરૂરી થઈ ગયાં છે જેથી તેઓ તેમને વેલેંટાઈનના દિવસે ભેટ આપી શકે કે સાથે ફરી શકે, બીજા વેલેંટાઈનના દિવસે તેમને બીજો સાથી મળી જાય છે. આ તે કેવો પ્રેમ ? જે એક વર્ષ પણ નથી ટકી શકતો તો એક જનમ કેવી રીતે ટકશે ? આજના યુવાનોએ તો પ્રેમની પરિભાષાને જ બદલી નાખી છે અને આ દેન છે પાશ્ચાત્ય સંસ્કૃતિની. પરંતુ આપણે જ્યારે આજે તેને અપનાવી ચૂક્યા છે તો પછી કેમ તેને સાચા અર્થમાં કેમ ન અપનાવીએ? પ્રેમનો કોઈ જ વિરોધ નથી કરતું વિરોધ કરે છે પ્રેમ કરવાની રીતનો. તો પછી આવો આજે તમે પણ તમારા સાથીને તમારા સાચા પ્રેમ વિશે બતાવી દો... જે ફક્ત એક વર્ષ માટેનો નથી પણ છે જનમોજનમ માટેનો છે.

## સેક્ટર-૩/સી ખાતે વાર્ષિક યુવા રમતોત્સવ યોજાયો



ગાંધીનગર, તા.૧૩

તાજેતરમાં સેક્ટર-૩/સી ખાતે વાર્ષિક યુવા રમતોત્સવ-૨૦૨૩નું આયોજન ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન - મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ફુગ્ગા ફોડ, લોટ ફૂંક અને લીંબુ ચમચી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી અને સ્પર્ધામાં ગાંધીનગરના ૬૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ વિવિધ વયજૂથોમાં રમતો રમી વિજેતાઓ થયાં હતાં. લીંબુ ચમચી સ્પર્ધામાં પ્રથમ વિજેતા વીરસિંહ રહેવર અને જીયાન મહેરિયા, દ્વિતીય વિજેતા ખુશી વાઘેલા અને જીલ માલી, તૃતીય વિજેતા હેતશ્વી વાઘેલા અને તુલસી ઠાકોર રહ્યા હતા. લોટ ફૂંક સ્પર્ધામાં પ્રથમ વિજેતા કર્ણિક ઈશાન અને મેહુલ ભરવાડ, દ્વિતીય વિજેતા વીરસિંહ રહેવર અને હેમ મિસ્રી, તૃતીય વિજેતા વિજયા શ્રી અને તુલસી ઠાકોર રહ્યા હતા. ફુગ્ગા ફોડ સ્પર્ધામાં પ્રથમ વિજેતા ખુશી વાઘેલા અને મેહુલ ભરવાડ, દ્વિતીય વિજેતા હેતશ્વી વાઘેલા અને જયેશ ઠાકોર, તૃતીય વિજેતા વીરસિંહ રહેવર અને દિયા ભટ્ટ રહ્યા હતા. સ્પર્ધામાં સરકારી મહિલા આઈ.ટી.આઈ ગાંધીનગરના નિવૃત્ત આચાર્ય અશોક ત્રિવેદી, પ્રથમ વાઈસ ડિસ્ટ્રિક્ટ ગવર્નર લાયન્સ ક્લબ્સ ઈન્ટરનેશનલ અને જાણીતા ટેક્સ એડવોકેટ હરિશ ત્રિવેદી, મહેતા ગ્રુપ ટ્યુશનના સંચાલિકા વર્ષા મહેતા, ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર સોનાલી પટેલ અને શાળાના આચાર્ય ભારતી મેવાડા વિશેષ ઉપસ્થિત રહી વિજેતા સ્પર્ધકોને એમના વરદહસ્તે ટ્રોફી તથા ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પ્રમાણપત્ર અને મેડલ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થાના ગ્રાન્ડમાસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે અને આયોજક મિલાપ ટાટારિઆ ટાઈગરએ વિજેતાઓને શુભેચ્છાઓ પાઠવી હતી તથા સ્પર્ધાને સરળ રીતે સફળ બનાવવા માટે વાલીશ્રીઓ, ઉપસ્થિત મહેમાનો અને પ્રતિનિધિઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ કપિલા હેલ્થ કેર પ્રા.લી.ની ઔધોગિક મુલાકાતે




ગાંધીનગર, તા.૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ પોતાના સ્થાપના વર્ષ ૧૯૯૯ થી એક યા બીજી રીતે વિદ્યાર્થીઓનાં સર્વાંગી ઘડતરમાં અનેકવીધ પ્રવૃતિઓ દ્વારા અમૂલ્ય યોગદાન આપતી રહી છે. વિદ્યાર્થીઓની પ્રાયોગિક તાલીમના ભાગરૂપે તેમજ સાંપ્રત સમયમાં ઔધોગીક ક્ષેત્રમાં ચાલતા વ્યહવારીક જ્ઞાનને પ્રત્યક્ષ રીતે સમજવા માટે કોલેજના ૩૫૦ વિદ્યાર્થીઓ અલગ અલગ મુલાકાત દ્વારા ગાંધીનગર સ્થિત કપિલા પ્રા. લી. પ્રાઈવેટ લિમિટેડની મુલાકાત લીધી હતી. ૨૦૧૬ કંપની એ ભારતમાં કાર્ય શરૂ કર્યું જ્યારે વિદેશમાં કંપનીની ઘણી પ્રોડક્ટ નિકાસ પહેલાથી જ થઈ રહી છે. કંપની લોકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને હર્બલ, આર્યુવેદિક, નેચરલ પ્રોડક્ટસનું નિર્માણ કરે છે.નિર્માણ કરી રહી છે. સાથે સાથે કેટલાક પશુ આહાર પણ કંપની બનાવી રહી છે. જેમાં તેઓની ગુણવત્તા સમગ્ર ભારતમાં ઉત્કૃષ્ટ કહી શકાય તેવી છે તેમ કંપનીના પ્રતિનિધિ દ્વારા જણાવવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે કોવિડ બાદના સમયમાં આ બાબતો પર ધ્યાન આપવાની વિશેષ જરૂર જણાય છે. આ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓમાં ઔદ્યોગીક ક્ષેત્રેની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓ ત્રણ જુથોમાં વહેંચાઈ ઈંડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતુ. વિદ્યાર્થીઓનું ગ્રૂપ એક પછી એક પ્લાન્ટની મુલાકાત લીધી હતી. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર સાગરભાઈ સોલંકી તેમજ ચીફ સીઈઓ દિગ્વિજયસિંહ પરમારનો સહકાર વિઝિટ બાબતે સાંપડ્યો હતો. કંપનીના આર એન્ડ ડી વિભાગના હેડ નિશાંત ચૌહાણ દ્વારા વિદ્યાર્થીઓને પ્લાન્ટ વિશેની સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓની ટેક્નિકલ તેમજ તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. દરેક મશીનરીનાં નામ તેમજ તેનુ મૂલ્ય તથા ખાસ કરીને ક્વાલિટી ઉપર કંપની કેવુ ધ્યાન આપે છે. તેમજ કર્મચારીની સુરક્ષાનું પ્લાન્ટ ઉપર પુરતુ ધ્યાન રાખવામાં આવ્યુ છે. સાથે સાથે ગ્રાહકને સંપૂર્ણ સંતોષ થાય તેમજ તેમની ફરિયાદોનું સત્વરે નિવારણ કરવા બાબતની જાણકારી આપી હતી તેમજ દેશનાં હિતમાં સ્વચ્છતા કુદરતી સંસાધનોનો સાંચવીને ઉપયોગ કરવો તેવા સૂચનો વિદ્યાર્થીઓને કરવામાં આવ્યા હતા. વિઝિટના છેલ્લા તબક્કામાં વિદ્યાર્થી માટે પ્રશ્નોત્તરીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તેઓને કંપનીના પ્રતિનિધિએ સંતોષકારક જવાબ આપ્યા હતા. આ વીઝીટને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડો.રમાકાન્ત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ ઉપાચાર્ય અને પ્લેસમેન્ટ અને ટ્રેનીંગ સમિતિના ઈન્ચાર્જ ડો.જયેશ તન્ના તેમજ પ્રો.આશિષ ભુવા, ડો.નિવેદીતા રાવલ, ડો.રાધિકા ભટ્ટ, પ્રો.જહાનવી મેવાડાએ જહેમત ઉઠાવી હતી.

## ગાંધીનગર ટેક્વોન્ડો એસો. દ્વારા કોર્પોરેટર સોનાલી પટેલનું બહુમાન



ગાંધીનગર, તા.૧૩

તાજેતરમાં સેક્ટર-૩/સી ખાતે વાર્ષિક યુવા રમતોત્સવ-૨૦૨૩નું આયોજન ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન-મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા કરવામાં આવ્યું હતું. આ આયોજનમાં ગાંધીનગર મહાનગરપાલિકાના કોર્પોરેટર સોનાલી પટેલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને ભાગ લેનાર દરેક બાળકોને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું અને આયોજક મિલાપ ટાટારિઆ ટાઈગર દ્વારા કોર્પોરેટર સોનાલી પટેલને મોમેન્ટોથી સન્માનિત કરવામાં આવ્યા હતા અને આ ઉપરાંત આગામી કાર્યક્રમોને લઈને ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

**સેવાકુંજ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા**

## શાહપુર પ્રાથમિક શાળામાં માસિક ધર્મ અંગે જાગૃતિ અને વિશેષ તાલીમનું આયોજન




ગાંધીનગર, તા.૧૩


ગાંધીનગર જિલ્લાની શાહપુર પ્રાથમિક શાળામાં બાળાઓને માસિક ધર્મ અંગે જાગૃતિ અને વિશેષ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. સેવાકુંજ ચેરિટેબલ ચેરિટેબલ ટ્રસ્ટ તથા એસ્ટ્રલ ફાઉન્ડેશનના અભયા પ્રોજેકટના દિશા દવે દ્વારા શાહપુર શાળાની બાળાઓને માસિક ધર્મ દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતો, કાળજી અને સ્વચ્છતાની બાબતો વિશેષ રમત દ્વારા સમજાવવામાં આવી હતી. સેવાકુંજ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા નિયમિત પ્રાથમિક શાળામાં સેનિટરી પેડનું નિશુલ્ક વિતરણ કરવામાં આવે છે અને સમયાંતરે વિશેષ તાલીમનું આયોજન પણ કરવામાં આવે છે.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.પટેલ મધુબોન સાંકાભાઈ ઉ.વ.૭૪, રાંધેજા
- સ્વ.જૈન પ્રતિક બંસીલાલ ઉ.વ.૪૧, ગાંધીનગર
- સ્વ.સોની અમૃતલાલ ગણપતલાલ ઉ.વ.૮૦, પેથાપુર
- સ્વ.રાંદેરીયા મોહનભાઈ ગણેશભાઈ ઉ.વ.૮૪, ગાંધીનગર
- સ્વ.ઝાલા કરશનબા વિક્રમસિંહ ઉ.વ.૫૯, વાવોલ
- સ્વ.વાઘેલા તીકાબા જશુજી ઉ.વ.૭૭, દેલવાડ, માણસા
- સ્વ.ઠાકોર રમણજી ભીખાજી ઉ.વ.૫૧, બોરીજ
- સ્વ.જાદવ મંશીબોન નટવરજી ઉ.વ.૭૦, જેઠીપુરા
- સ્વ.પટેલ કલ્પનાબોન વલ્લભભાઈ ઉ.વ.૬૨, વાવોલ

## આર.એન.લલિતકલા અકાદમીનો વાર્ષિકોત્સવ ધામધૂમથી ઉજવાયો







ગાંધીનગર, તા.૧૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિક આર.એન. લલિતકલા એકેડમીનો રંગારંગ વાર્ષિક ઉત્સવ સાધાના-૨૦૨૩નું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ શેઠ શ્રી ખીમજી વિશારામ એન્ડ સંન્સ સંસ્કાર ભવન ખાતે શનિવારે ૨.૩૦થી ૫.૩૦ સુધી યોજાયો હતો. આ વાર્ષિક ઉત્સવમાં મુખ્ય મહેમાન તરીકે રીટાબોન પટેલ ધારાસભ્ય, અતિથિ વિશેષ તરીકે રાજલ બારોટ ગુજરાતી ગાયક, ડો.વિણાબેન પટેલ ડીન ફેકલ્ટી એજયુકેશન, નીવાબેન પટેલ પ્રિન્સીપાલ, નીરૂબેન પટેલ પ્રિન્સીપાલ એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા, દશરથભાઈ કે.પટેલ પ્રિન્સીપાલ આર.એન. પટેલ સહશિક્ષક પ્રાથમિક શાળા ઉપસ્થિત રહયા હતા. તાલીમાર્થીઓને સર્ટીફીકેટ અને મેડલ અર્પણ કરીને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ સંસ્થાના સંચાલિકા દીનાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ વિવિધ કલાના કલાગુરૂઓ શકુંતલાબેન ઓઝા, રોશની બ્રહ્મભટ્ટ, ઝરના ભાવસાર તથા કોચ મનીષ રાજભોઈ, વિનય બોડાત, વરૂણ યાજ્ઞિક દ્વારા તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવી હતી.

## જન્મદિને વધામણી



પ્રમોદભાઈ કપાસી




વીરેન્દ્ર ઓઝા
એરિયા મેનેજર
સારાભાઈ કેમિકલ
મો. ૯૮૨૪૦ ૯૬૨૯૩



હેત જિજ્ઞેશભાઈ પ્રજાપતિ
મો. ૯૬૬૨૦ ૪૧૯૮૫



નવ્યા
જીતેન્દ્રકુમાર ઘરવાડીયા



દક્ષ રાણા



રશ્મિન પરીખ
મો. ૯૯૯૮૯ ૫૯૬૪૬



વસંતકુમાર રમણિકલાલ બ્રહ્મભટ્ટ
નિવૃત્ત સહાયક માહિતી નિયામક
મો. ૯૩૭૫૯ ૫૮૭૫૧



અર્વીબા વિવેકસિંહ ચૌહાણ



સ્પંદન હીરેન પટેલ



લીઝા મનોજભાઈ વાઘેલા



ધર્મેન્દ્ર આર.પટેલ